# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## B.Ed. પ્રવેશ પરીક્ષા : 2011

**Form No.** | | | | | |

## સામાજિક વિજ્ઞાન

**: સૂચના :**

આપને **150** વસ્તુલક્ષી (Objective) બહુવિકલ્પ પ્રશ્નો ધરાવતી પ્રશ્ન પુસ્તિકા તથા ઉત્તરપત્ર (OMR Sheet) આપવામાં આવેલ છે. આ પ્રશ્નપત્ર **A** અને **B** વિભાગમાં વહેંચાયેલું છે. પ્રશ્નપત્ર કુલ **3 કલાકનું** રહેશે. **વિભાગ A**માં એક એક ગુણના **100** પ્રશ્નો અને **વિભાગ B**માં તમે પસંદ કરેલ કોઈ એક શાળાકીય વિષયના એક એક ગુણના **50** પ્રશ્નો છે. તેનો પ્રશ્નક્રમ **101** થી **150** રહેશે. **પાર્ટ–Bમાંથી** (Subject Competence) માંથી કોઈ એક વિષયની પરીક્ષા આપવી ફરજિયાત છે.

**પાર્ટ-B વિષયાંગો : (01)** ગુજરાતી, **(02)** હિન્દી, **(03)** અંગ્રેજી, **(04)** ગણિતશાસ્ત્ર,

**(05)** વિજ્ઞાન અને ટેકનોલોજી, **(06)** સામાજિક વિજ્ઞાન, **(07)** સંસ્કૃત

**નીચેની સૂચનાઓ કાળજીપૂર્વક વાંચી ઉત્તરપત્રમાં વિગતો ભરો :**

**(1)** આપે આપનું સાચુ નામ, પિનકોડ સાથેનું સરનામું આપેલી ખાલીજગ્યામાં નોંધવાનું રહેશે. આપે બોલપેનથી ઉત્તરપત્ર પર આપના હસ્તાક્ષર અને તારીખ નોંધવાની રહેશે. ઉત્તરપત્ર પર આપેલી ખાલીજગ્યામાં નિરીક્ષકે હસ્તાક્ષર અને તારીખ નોંધેલા છે કે નહીં તે ચોકસાઈ કરી લેશો. ઉત્તરપત્રના ઉત્તરોમાં નિશાની કરવા માટે આપ માત્ર વાદળી/કાળી બોલપેનનો જ ઉપયોગ કરવાનો છે.

**(2)** સંખ્યાદર્શક અંકમાં આપે આપનો **પ્રવેશ ફોર્મ નંબર અને પરિક્ષાકેન્દ્રોનો કોડ નંબર દર્શાવવાનો રહેશે.** આ માટે આનુસંગિક O સંપૂર્ણપણે ભરાયેલો હોવો જોઈએ.

**(3)** દરેક પ્રશ્નની સાથે **ચાર** વિકલ્પો આપેલા છે. જેમના ક્રમ **A, B, C** અને **D** છે દરેક પ્રશ્નમાંથી આપ જેને સાચો વિકલ્પ માનતા હોય તેવા વિકલ્પ સૂચક ક્રમઅક્ષર ધરાવતા O ને વાદળી/કાળી બોલ પેન વડે સંપૂર્ણપણે ભરાયેલ હોવો જોઈએ.

**(4)** એક પ્રશ્નનો બે ઉત્તરો આપ્યા હશે તો કોઈ ગુણ મળશે નહિ તેથી એક જ યોગ્ય ઉત્તર પસંદ કરવાનો રહેશે.

**(5)** તમારે કોઈ એક પ્રશ્નની પાછળ વધુ સમય બગાડવો જોઈએ નહિ જો તમને કોઈ પ્રશ્ન અઘરો લાગે તો તેને છોડીને બીજા પ્રશ્ન તરફ ચાલ્યા જાઓ. બધા ઉત્તરો લખ્યા પછી જો સમય વધે તો પછી નહી આપેલ પ્રશ્નના ઉત્તર માટે પ્રયત્ન કરો.

**(6)** **કાચુ કામ (Rough Work) પ્રશ્નપત્રમાં જ કરવાનું છે. કાચા કામ માટે અલગ કાગળનો ઉપયોગ કરવાનો નથી.**

**(7)** જો કોઈ ઉમેદવાર કોઈ પણ પ્રકારની ગેરરીતિ કરતો જણાશે તો ખંડ નિરીક્ષક તેને તરત જ પરીક્ષામાંથી ઉઠાડી મૂકશે તથા તે બી. એડ્. પ્રવેશ માટે ગેરલાયક ઠરશે.

**(8)** તમને એક વખત ઉત્તરપત્ર આપ્યા બાદ, પુનઃ નવું ઉત્તરપત્ર મળશે નહીં તેથી તમારા ઉત્તરો કાળજીપૂર્વક નોંધશો.

**(9)** ઉત્તરપત્રમાં **Admissition form no., category code, subject code & Exame code** કાળજીપૂર્વક નોંધવા.

**પરીક્ષા પૂર્ણ થયા બાદ પ્રશ્નપત્ર અને ઉત્તરપત્ર ખંડ નિરીક્ષકને પરત કરવાના રહેશે. પ્રશ્નપત્ર જમા ન કરાવનાર પ્રવેશ માટે ગેરલાયક ઠરશે.**

# SPACE FOR ROUGH WORK



Contd….

# PART-A

## Q. No. 1 to 100

Read the following passage carefully and choose the most suitable answer from the options given under each question.

When the old and New cities of Jerusalem Were reunited in 1967, a recently Widowed Arab Woman, Who had been living in old Jerusalem since 1948, Wanted to see once more the house in Which she formerly lived. Now that the city was one, She searched for and found her old home. She knocked on the door of the apartment and Jewish Widow came to the door and greeted her. The Arab woman explained that she had lived there until 1948 and Wanted to look around. She was invited in and offered Coffee. The Arab woman said, "When I lived here, I hid some valuables. If they are still here, I will share with you half and half". The Jewish woman refused. "If they belonged to you and are still here, they are yours". After much discussion back and forth, they entered the bathroom, loosened the floor planks and found a hoard of gold coins. The Jewish woman said, "I shall ask the government to let you keep them". She did and permission was granted.

The two widows visited each other again and again and one day. Arab Woman told her, "you know, in the 1948 fighting here, my husband and I were so frightened that we ran away to escape. We grabbed our belongings, took the children and each fled separately. We had a three month old son. I thought my husband had taken him and he thought I had. Imaging our grief When we were reunited in old Jerusalem to find that neither of us had taken the child".

The Jewish Woman turned pole and asked the exact date. The Arab woman named the date and hour and Jewish widow told her ; "My husband was one of the Israeli troops that entered Jerusalem. He came into this house and found a baby on the floor.

At that moment a twenty year old I sraeli Soldier in uniform walked into the room and the Jewish women broke down in tears. "This is your Son".

The Jewish window asked the Arab mother, "Look, we are both widows living alone. Our children are grown up. This house has brought you Luck. You have found your son or our son. Why don't we live together ?" And they do.

(1) When did the old and New cities of Jerusalam united ?
- (A) 1948 (B) 1967
- (C) 1949 (D) 1960

(2) Why did the Arab woman want to see her former house again ?
- (A) For coins (B) For silver coins
- (C) For golden coins (D) For cash money

(3) Where was a hoard of gold coins ?
- (A) Kitchen (B) Drawing room
- (C) Balcony (D) Bathroom

(4) The Jewish Woman's husband was a
- (A) Soldier (B) Teacher
- (C) Doctor (D) Engineer

(5) The Arab woman had left a three year old son at
- (A) New house (B) Old house
- (C) City (D) Street

(6) When the Arab woman visited her former house, the Jewish woman invited her to

(A) Some lemon juice (B) Some orange juice
(C) Some tea (D) Some coffee

(7) When the Arab woman told the Jewish woman that there might be a treasure in the house, the Arab woman suggested

(A) Keeping all the treasure
(B) Giving the treasure away
(C) Sharing the treasure
(D) Inform the government

(8) When the Jewish woman's husband entered the house for the first time he found

(A) A boy (B) A girl
(C) Rats (D) A dog

(9) What was the age of Arab woman's son, When she met him again ?

(A) 20 years (B) 21 years
(C) 19 years (D) 25 years

(10) Currently. the two women

(A) Are married again (B) Live together
(C) Live in different places (D) None of the above

(11) નીચેની શ્રેણીમાં પ્રશ્નાર્થની જગ્યાએ શું આવશે ?
6, 17, 39, 72, ?

(A) 94 (B) 127
(C) 83 (D) 116

(12) નીચેનામાંથી કયો વિકલ્પ નીચે આપેલા શબ્દોનો એક સાર્થક ક્રમ દર્શાવે છે ?
(1) સેન્ટિમીટર (2) મીલીમીટર (3) મીટર (4) ડેસીમીટર (5) કિલોમીટર

(A) 1, 2, 3, 4, 5 (B) 2, 1, 4, 3, 5
(C) 2, 1, 3, 4, 5 (D) 5, 3, 1, 4, 2

(13) B એ A ની માતા છે, જો કે C એ A નો ભાઈ છે, તો A અને B વચ્ચે શો સંબંધ હોઈ શકે ?

(A) પિતા અને પુત્ર (B) માતા અને પુત્ર
(C) ભાઈ અને બહેન (D) એકપણ નહીં

(14) એક ટન અનાજ અને એક ટન રૂ માં વધારે વજન કોનું ?

(A) રૂ નું (B) અનાજનું
(C) બન્નેનું સરખું (D) એકપણ નહીં

(15) કોઈ કામ 12 વ્યક્તિઓ 14 દિવસમાં કરી શકે તો 8 વ્યક્તિઓ તે કામ કેટલા દિવસમાં કરી શકે ?

(A) 27 (B) 21
(C) 20 (D) 18

(16) નીચેનામાંથી કયો વિકલ્પ અસંગત છે ?

(A) તાવ (B) પ્લેગ
(C) સ્ટ્રેપ્ટોમાઈસીન (D) આધાશીશી

(17) સો માણસો સો કામ સો દિવસમાં કરે તો એક માણસ એક કામ કેટલા દિવસમાં કરે ?

(A) 100 દિવસ (B) 20 દિવસ
(C) 10 દિવસ (D) 1 દિવસ

(18) જો નિધિ અને નીશા એકબીજાથી વિરોધી દિશામાં 7 કિમી/કલાક અને 4 કિમી/કલાકની ઝડપે દોડવાનું શરૂ કરે તો બે કલાક પછી તેમની વચ્ચેનું અંતર કેટલું હશે ?

(A) 18 (B) 11
(C) 22 (D) 28

(19) જો AZ=26, BY=50 તો CX=? (કેટલા થાય)

(A) 82 (B) 52

(C) 72 (D) 62

(20) નીચેનામાંથી કયો વિકલ્પ જૂથની બહારનો છે ?

(A) ગ્રેફાઈટ (B) મોતી

(C) હીરો (D) કોલસો

(21) એક અરીસામાં ઘડિયાળનો કાંટો 9:30 નો સમય બતાવે છે ખરેખર કેટલા વાગ્યા હશે ?

(A) 3:30 (B) 2:30

(C) 6:30 (D) 5:10

(22) ચાર છોકરાઓ ફોટા પડાવવા માટે એક બાંકડા પર બેઠા છે જેમાં હિતુ મિતુની ડાબી બાજુ છે અને હસુ મિતુની જમણી બાજુ છે મિતુ અને હસુની વચ્ચે હરી છે, તો ફોટોગ્રાફમાં ડાબી બાજુથી બીજુ કોણ હશે ?

(A) મિતુ (B) હિતુ

(C) હસુ (D) હરી

(23) નીચેની શ્રેણીમાં કયું પદ ખોટું છે ?

36, 72, 45, 38, 81

(A) 72 (B) 45

(C) 38 (D) 81

(24) એક ચિડિયાઘરમાં કેટલાક કબૂતર અને સસલાં છે. જો તેમનાં માથાં ગણવામાં આવે તો તેની સંખ્યા 100 થાય છે, જો પગ ગણવામાં આવે તો 290 થાય છે, તો સસલાની સંખ્યા કેટલી ?

(A) 45 (B) 55

(C) 35 (D) 65

(25) શિક્ષક માટે સૌથી પહેલી અનિવાર્ય બાબત કઈ છે ?

(A) વર્ગ શિસ્ત (B) વર્ગમાં વિદ્યાર્થીઓ

(C) વિષયવસ્તુ પરની પકડ (D) શિક્ષણકાર્ય માટે પૂરતો સમય

(26) એક દાદરમાં ત્રીજે પગથિયેથી વચ્ચેના પગથિયે પહોંચવા ચાર પગથિયા ચડવા પડે તો તે દાદરાને કુલ કેટલા પગથિયા હોય ?

(A) બાર (B) તેર

(C) ચૌદ (D) સાત

(27) નીચેનામાંથી અસંબંધ શબ્દ જોડ શોધો.

(A) દવાખાનું–ડૉક્ટર (B) કોર્ટ–વકીલ

(C) ચોર–ડાકુ (D) સ્કૂલ–શિક્ષક

(28) જો કોઈ સાંકેતિક ભાષામાં BANK ને CCOM લખવામાં આવે તો CLERK ને કેમ લખવામાં આવશે ?

(A) DNETL (B) DOFSL

(C) DNFSM (D) DHFTL

(29) 'કોઈ પોપટ ગાતો નથી પણ કેટલાક પોપટ વાત કરી શકે છે.' જો એમ હોય તો નીચેનામાંથી સાચો જવાબ શોધો.

(A) કેટલાક પોપટ ગાઈ શકે છે. (B) બધાજ પોપટ ગાઈ શકે છે.

(C) બધા પોપટ વાતચીત ન કરી શકે. (D) કેટલાક પોપટ વાતચીત કરે પણ ગાઈ ન શકે.

(30) નીચેની શ્રેણી પૂરી કરો.

121, _______, 169, 196, 225

(A) 132 (B) 136

(C) 144 (D) 151

(31) વિદ્યાર્થીનો સામાજિક વિકાસ જાણવા શિક્ષકે શું કરવું જોઈએ ?

(A) બુદ્ધિમાપન (B) મુલાકાત

(C) સામાજિકતાનો આલેખ (D) પ્રયોગ

(32) પ્રાચીન ભારતીય શિક્ષણમાં કયા વાદનું પ્રભુત્વ હતું ?
(A) પ્રકૃતિવાદ (B) આદર્શવાદ
(C) અસ્તિત્વવાદ (D) વ્યવહારવાદ

(33) પ્રાથમિક કક્ષાએ શિક્ષણ માટેની શ્રેષ્ઠ પદ્ધતિ કઈ ગણી શકાય ?
(A) પ્રશ્નોત્તરી (B) સમસ્યા ઉકેલ
(C) વ્યાખ્યાન (D) ક્રિયા દ્વારા શિક્ષણ

(34) તમારા મતે અભ્યાસક્રમ સંરચનામાં કોનો મત સૌથી વધુ જરૂરી છે ?
(A) વિષય શિક્ષકો (B) વાલીઓ
(C) તજ્જ્ઞો (D) વિદ્યાર્થીઓ

(35) ગ્રામ્ય વિસ્તારના પ્રતિભાશાળી બાળકો માટે ચાલતી શાળાઓ કયા નામે ઓળખાય છે ?
(A) જવાહર વિદ્યાલય (B) નવોદય વિદ્યાલય
(C) શિશુવિહાર (D) કેન્દ્રીય વિદ્યાલય

(36) નીચેનામાંથી પ્રસારમાનનું માપ કયું છે ?
(A) મધ્યક (B) મધ્યસ્થ
(C) પ્રમાણવિચલન (D) બહુલક

(37) વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી માઈક્રોટીચીંગના કયા કૌશલ્ય દ્વારા સૌથી વધુ યોગ્ય રીતે થઈ શકે છે ?
(A) પ્રશ્નોત્તરી (B) સુદૃઢીકરણ
(C) વિષયાભિમુખ (D) ઉદાહરણ

(38) શિક્ષકને શ્રેષ્ઠ કાર્ય કરવાની પ્રેરણા નીચેના પૈકી કઈ બાબત આપે છે ?
(A) કાર્યસંતોષ (B) ઉચ્ચપદ
(C) વેતન (D) બઢતી

(39) ગુજરાતમાં માઈક્રોટીચીંગ પ્રાયોગિક ધોરણે સૌપ્રથમ કયાં અમલમાં મૂકાયું હતું ?
(A) ગૂજરાત વિદ્યાપીઠ (B) ગુજરાત યુનિવર્સિટી
(C) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (D) એમ. એસ. યુનિવર્સિટી

(40) માઈક્રોટીચીંગ કેવો અભિગમ છે ?
(A) જ્ઞાનલક્ષી (B) કૌશલ્યલક્ષી
(C) વિશિષ્ટતાલક્ષી (D) કાર્યલક્ષી

(41) બહિર્મુખી વ્યક્તિનું લક્ષણ કયું છે ?
(A) ઘણા મિત્રો ધરાવે છે. (B) નેતૃત્વ પસંદ કરે છે.
(C) સ્વભાવ મિલનસાર હોય છે. (D) આ બધાં જ

(42) શિક્ષક પોતાના વર્ગની શૈક્ષણિક સિદ્ધિની સરખામણી અન્ય વર્ગ સાથે કયા માપ દ્વારા શ્રેષ્ઠ રીતે કરી શકે ?
(A) મધ્યક (B) મધ્યસ્થ
(C) બહુલક (D) પ્રમાણ વિચલન

(43) શિક્ષકને વર્ગખંડની સમસ્યાઓ ઉકેલવામાં શું મદદરૂપ થાય છે ?
(A) અભિક્રમિત અધ્યયન (B) સિસ્ટમ અભિગમ
(C) ક્રિયાત્મક સંશોધન (D) નવીનીકરણ

(44) 24, 18, 20, 22, 28, 24 નો મધ્યસ્થ શો થાય ?
(A) 20 (B) 23
(C) 22 (D) 24

(45) તમારા મતે વિદ્યાર્થી પરથી પરીક્ષાનો બોજ દૂર કરવા શું કરવું જોઈએ ?
(A) પરીક્ષા રદ કરવી (B) પરીક્ષાનો સતત મહાવરો કરાવવો
(C) માત્ર MCQ પ્રશ્નો જ પૂછવા (D) સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કરવું

(46) સિદ્ધિપ્રેરણાનો સિદ્ધાંત કોણે આપ્યો હતો ?

(A) અબ્રાહમ મેસ્લો (B) ક્વાઈટ એલન

(C) મેકલેલેન્ડ (D) પાવલોવ

(47) વિદ્યાર્થીએ શીખેલી બાબત લાંબા સમય સુધી યાદ રહે એ માટે શું કરવું જોઈએ ?

(A) ગોખણપટ્ટી (B) પુનરાવર્તન

(C) વિહંગાવલોકન (D) અતિઅધ્યયન

(48) પ્રકૃતિ દ્વારા શિક્ષણનો વિચાર કોણે આપ્યો હતો ?

(A) ગાંધીજી (B) રાધાકૃષ્ણન

(C) સ્વામી વિવેકાનંદ (D) રવીન્દ્રનાથ ટાગોર

(49) હાલમાં શિક્ષણમાં કેન્દ્ર સ્થાને કોને મૂકવાની હિમાયત કરવામાં આવે છે ?

(A) વિદ્યાર્થી (B) શિક્ષક

(C) અભ્યાસક્રમ (D) પરીક્ષાપદ્ધતિ

(50) અભિક્રમિત અધ્યયનના મુખ્ય કેટલા પ્રકાર છે ?

(A) 2 (B) 3

(C) 4 (D) 5

(51) $3M - 2\overline{X}$ શાનું સૂત્ર છે ?

(A) મધ્યક (B) મધ્યસ્થ

(C) બહુલક (D) વિસ્તાર

(52) વિદ્યાર્થીની અધવચ્ચેથી અભ્યાસ છોડી દેવાની ઘટનાને શું કહે છે ?

(A) સ્થિરતા (B) અપવ્યય

(C) સ્થગિતતા (D) અસફળતા

(53) વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ પર શું અસર કરે છે ?

(A) બુદ્ધિ (B) વલણ

(C) રસ (D) આ બધાં જ

(54) તમારા વર્ગમાં વારંવાર વર્ગવ્યવસ્થાના પ્રશ્નો ઉદ્ભવે છે, તો તમે શું કરશો ?

(A) કડક સજા (B) આચાર્યને ફરિયાદ

(C) શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન (D) વર્ગનેતાની નિમણૂક

(55) 38, 31, 32, 31, 33, 31 માં બહુલકનું માપ કયું ગણાય ?

(A) 32 (B) 31

(C) 33 (D) 38

(56) શિક્ષકે બાળક માટે શું બનવું જોઈએ ?

(A) વડીલ (B) નેતા

(C) વાલી (D) માર્ગદર્શક

(57) શિક્ષક સજ્જતા માટે સૌથી વધુ અનિવાર્ય ઘટક કયો છે ?

(A) વ્યક્તિત્વ (B) વિષયવસ્તુ પ્રભુત્વ

(C) પહેરવેશ (D) વાક્છટા

(58) આપેલ પ્રાપ્તાંકો પૈકી નાનામાં નાના અને મોટામાં મોટા પ્રાપ્તાંક વચ્ચેના તફાવતને શું કહે છે ?

(A) સરેરાશ (B) પ્રમાણ વિચલન

(C) વિસ્તાર (D) ચલનાંક

(59) પ્રાચીન શિક્ષણનું અંતિમ લક્ષ્ય શું હતું ?

(A) જ્ઞાનપ્રાપ્તિ (B) મોક્ષપ્રાપ્તિ

(C) સંપત્તિપ્રાપ્તિ (D) સંસ્કારપ્રાપ્તિ

(60) તમારા મતે પ્રાથમિક શિક્ષણ કઈ ભાષામાં આપવું જોઈએ ?

(A) પ્રાદેશિક ભાષા (B) રાષ્ટ્રીય ભાષા

(C) માતૃભાષા (D) આંતરરાષ્ટ્રીય ભાષા

(61) 'Education' શબ્દ કઈ ભાષામાંથી ઉતરી આવ્યો છે ?
(A) ગ્રીક (B) લેટિન
(C) રશિયન (D) રોમન

(62) તમારા મતે બાળક પર સૌથી વધુ અસર કોણ કરી શકે છે ?
(A) મિત્રો (B) વાતાવરણ
(C) શિક્ષક (D) પુસ્તકો

(63) પ્રાચીન ભારતીય સમાજ, સંસ્કૃતિ અને શિક્ષણનો મૂળ આધાર કયો હતો ?
(A) વેદો (B) મહાકાવ્યો
(C) ઉપનિષદો (D) આ બધાં જ

(64) નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ કયારે તૈયાર થઈ હતી ?
(A) 1980 (B) 1986
(C) 1988 (D) 1990

(65) શિક્ષક વિદ્યાર્થીમાં શું વિકસાવી શકે ?
(A) આત્મવિશ્વાસ (B) આત્મનિર્ભરતા
(C) સ્વ–અધ્યયનની ટેવ (D) આ બધાં જ

(66) "શિક્ષણની"ની તાલીમ આપતી શૈક્ષણિક સંસ્થાઓના નિયમનની જવાબદારી કઈ એજન્સી નીભાવે છે ?
(A) NCET (B) NCERT
(C) NIEPA (D) CTE

(67) સેમિનારનું આયોજન શા માટે કરવામાં આવે છે ?
(A) વર્તમાન સમસ્યાઓના પ્રશ્નોની ચર્ચા કરવા
(B) શૈક્ષણિક સામગ્રીઓ, પુસ્તકો કે વર્કબુક તૈયાર કરવા
(C) સૂચિત વિષય પર ધ્યાન કેન્દ્રીત કરવા
(D) બિન અનુભવી શિક્ષકોને તાલીમ પુરી પાડવા

(68) કઈ સહઅભ્યાસિક પ્રવૃત્તિ શારીરિક વિકાસની પ્રવૃત્તિ છે ?
(A) અંદર અને બાહ્ય ખેલકૂદ (B) પ્રવાસ અને પર્યટન
(C) પ્રાથમિક સારવાર (D) લોકનૃત્ય

(69) જીલ્લા કક્ષાએ પ્રાથમિક શાળાઓના વ્યવસ્થાપનની જવાબદારી કોની છે ?
(A) DEO (B) DPEO
(C) DO (D) DDO

(70) PTA શું છે ?
(A) શિક્ષક–વાલી સંઘ (B) વાલી–શિક્ષક સંઘ
(C) વિદ્યાર્થી–શિક્ષક સંઘ (D) શિક્ષક–વિદ્યાર્થી સંઘ

(71) હાજરીપત્રકમાં બિમાર વિદ્યાર્થીની નોંધ કયા અક્ષરથી થાય છે ?
(A) P (B) A
(C) L (D) S

(72) અધ્યયનને અસર કરતી મુખ્ય ત્રણ કક્ષાઓ પૈકી નીચેનામાંથી કઈ નથી ?
(A) વિષયવસ્તુ (B) શિક્ષક
(C) વિદ્યાર્થી (D) વાતાવરણ

(73) શિસ્ત નીચેના પૈકી કઈ બાબત પર ભાર મૂકે છે ?
(A) સમૂહ નિયંત્રણ (B) જૂથ નિયંત્રણ
(C) સ્વ નિયંત્રણ (D) પર નિયંત્રણ

(74) EQ એટલે શું ?
(A) સામાજિક આંક (B) બુદ્ધિ આંક
(C) સાંવેગિક આંક (D) આધ્યાત્મિક આંક

(75) અપાનૂકુલિત વ્યક્તિનું લક્ષણ છે.

(A) આનંદી (B) ઉદ્ધત

(C) પ્રેમાળ (D) ચિંતાતુર

(76) સરાસરીને બીજા કયા નામથી ઓળખાય છે ?

(A) મધ્યસ્થ (B) મધ્યક

(C) પ્રમાણ વિચલન (D) બહુલક

(77) રાષ્ટ્રીય શિક્ષણનીતિ કઈ સાલમાં મુકાઈ ?

(A) 1967 (B) 1969

(C) 1968 (D) 1970

(78) ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન તાલીમની જવાબદારી કઈ એજન્સી પાસે છે ?

(A) SECRT (B) CTE

(C) DIET (D) DPEP

(79) ગ્રામ્ય શિક્ષણ સમિતિનું ટૂંકું નામ શું છે ?

(A) VCE (B) VEC

(C) SST (D) GSS

(80) સ્કીનરના મત મુજબ શૈક્ષણિક મનોવિજ્ઞાન એટલે શું ?

(A) વર્તન અને ચેતનાનું વિજ્ઞાન (B) વાતાવરણ અને પ્રવૃત્તિઓનું વિજ્ઞાન

(C) વર્તનનું શુદ્ધ વિજ્ઞાન (D) વર્તન અને અનુભવોનું વિજ્ઞાન

(81) નીચેના પૈકી કઈ બાબત સાચી નથી ?

(A) વૃદ્ધિ ચોક્કસ મર્યાદામાં જ થાય છે. (B) વિકાસ સંકુલ પ્રક્રિયા છે.

(C) વિકાસ માટે વૃદ્ધિ થવી આવશ્યક છે

(D) વૃદ્ધિ પર વાતાવરણ અને વારસો બન્ને પરિબળો અસર કરે છે.

(82) સામાન્ય વ્યક્તિનો બુદ્ધિઆંક કેટલો હોય છે ?

(A) 110-119 (B) 90-109

(C) 80-89 (D) 70-79

(83) અપાનૂકુલિત વ્યક્તિનું લક્ષણ કયું છે ?

(A) સંતોષપ્રદ અને ખુશહાલ જીવન

(B) પરિસ્થિતી અનુસાર જીવનશૈલીમાં પરિવર્તન

(C) વાતાવરણમાં અપેક્ષા મુજબનું અપરિવર્તન

(D) જરૂરીયાત

(84) અંતર્મુખી વ્યક્તિનું લક્ષણ નથી.

(A) સ્વભાવે શરમાળ (B) સ્વભાવે ડરપોક

(C) આત્મચિંતન કરનાર (D) સત્તાનો શોખ

(85) સ્કીનરનું પ્રદાન કયા ક્ષેત્રે મહત્ત્વનું છે ?

(A) કારક અભિસંધાન (B) શાસ્ત્રી અભિસંધાન

(C) આંતરસૂઝ (D) પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયન

(86) સામાન્ય રીતે બાળકને જૂઠું બોલતા અટકાવવા માટે શું કરી શકાય ?

(A) પરોક્ષ સમજ આપવી (B) નેતૃત્વની તાલીમ આપવી

(C) પ્રત્યક્ષ સમજ આપવી (D) સમજાવવાનો પ્રયત્ન કરવો

(87) નીચેના પૈકીનો કયો સિદ્ધાંત પ્રેરણાનો મુખ્ય સિદ્ધાંત નથી ?

(A) હેતુલક્ષી (B) જરૂરીયાતલક્ષી

(C) જ્ઞાનાત્મક (D) સંવેદનાત્મક

(88) વિદ્યાર્થીની સામાજીકતા જાણવા કયા સાધનનો ઉપયોગ કરી શકાય

(A) રેટીંગસ્કેલ (B) ચેકલિસ્ટ

(C) સામાજિક્તામિતી (D) ઓળખયાદી

(89) વર્તમાન સમયમાં મુલ્યાંકનની કઈ પદ્ધતિ અમલમાં મુકાઈ છે.

(A) CCE (B) CBSC
(C) CBCS (D) CEC

(90) "હું મારા શિક્ષકના જેવુ જ વર્તન કરું છું, તેમાં શું ખોટું કર્યુ" આ વિધાન કઈ બચાવ પ્રયુક્તિ છે ?

(A) સ્થાનાંતર (B) તાદાત્મય
(C) યોક્તિકીકરણ (D) ક્ષતિપૂર્તિ

(91) શિક્ષકનું કયુ સંકેત શાબ્દીક અને અશાબ્દીક સંયુક્ત છે ?

(A) કેન્દ્રીયકરણ (B) આરોહ–અવરોહ
(C) હાવભાવ (D) હલનચલન

(92) શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતો શાબ્દિક વ્યવહાર એટલે શું ?

(A) શિક્ષણ વ્યવહાર (B) વ્યક્તિ વ્યવહાર
(C) સમુહ વ્યવહાર (D) વર્ગ વ્યવહાર

(93) પ્રશ્નપત્ર રચતી વખતે બ્લ્યૂપ્રિન્ટમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે ?

(A) પ્રશ્નપ્રકાર (B) હેતુઓ
(C) વિષયવસ્તુ (D) A, B, C, તમામ

(94) શાળાકક્ષાએ સામાન્ય રીતે ગણતરી કરવા કયું માપ વધારે ઉપયોગી થાય છે ?

(A) મધ્યક (B) મધ્યસ્થ
(C) સંયુકત (D) બહુલક

(95) અધ્યયન એટલે __________ પરિણામ રૂપે વર્તનમાં થતો કાયમી ફેરફાર

(A) વૃદ્ધિ (B) પૂર્વાનુભવો
(C) શારીરિક વિકાસ (D) માનસિક વિકાસ

(96) અધ્યયન એ કેવી પ્રક્રિયા છે ?

(A) સ્થિર (B) મર્યાદિત
(C) આજીવન (D) આંશિક

(97) અધ્યયનની પૂર્વ શરત શું છે ?

(A) સિદ્ધિ (B) વૃદ્ધિ
(C) પરિવર્તન (D) પ્રેરણા

(98) કયા પરિવર્તનો અધ્યયન નથી ?

(A) માનસિક વિકાસના કારણે આવતાં પરિવર્તનો
(B) સ્નાયિક અને શારીરિક વિકાસના કારણે આવતાં પરિવર્તનો
(C) ભાવાત્મક વિકાસનાં કારણે આવતાં પરિવર્તનો
(D) બોધાત્મક વિકાસનાં કારણે આવતાં પરિવર્તનો

(99) કેવી પ્રક્રિયાઓ અધ્યયન નથી ?

(A) પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ (B) માનસિક ક્રિયાઓ
(C) તાલીમી ક્રિયાઓ (D) પ્રાણીની ક્રિયાઓ

(100) કયા વર્ષની વયજૂથની વ્યક્તિઓમાં માનસિક પરિપકવતા શ્રેષ્ઠ હોય છે ?

(A) 8 થી 12 વર્ષની વયજૂથ (B) 12 થી 16 વર્ષની વયજૂથ
(C) 20 થી 26 વર્ષની વયજૂથ (D) 16 થી 20 વર્ષની વયજૂથ

**PART-B**
**Q. No. 101 to 150**

# 06- સામાજિક વિજ્ઞાન

101. ગુજરાતનું પાટનગર કયાં આવેલું છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) વડોદરા (D) રાજકોટ

102. ગુજરાત રાજયનો સ્થાપના દિવસ કયો છે ?
(A) 1, મે 1960 (B) 2, ઓકટોબર 1960
(C) 15, ઓગસ્ટ 1960 (D) 5, સપ્ટેમ્બર 1961

103. લોકસભાની મુદત કેટલા વર્ષની હોય છે ?
(A) 8 વર્ષ (B) 5 વર્ષ
(C) 4 વર્ષ (D) 7 વર્ષ

104. આર્યસમાજની સ્થાપના કોણે કરી હતી ?
(A) રાજારામ મોહનરાય (B) એની બેસન્ટ
(C) દયાનંદ સરસ્વતી (D) ન્યાયમૂર્તિ રાનડે

105. 1857 ના સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રથમ શહીદ કોણ થયું હતું ?
(A) ભગતસિંહ (B) કુંવરસિંહ
(C) તાત્યાટોપે (D) મંગલપાંડે

106. પ્રાચીન સંસ્કૃતિનું ધામ લોથલ કયા જિલ્લામાં આવેલું છે ?
(A) સુરેન્દ્રનગર (B) અમદાવાદ
(C) રાજકોટ (D) ભાવનગર

107. 'વંદે માતરમ્' ગીત કઈ નવલકથામાંથી લેવામાં આવ્યું છે ?
(A) આનંદમઠ (B) સૌરાષ્ટ્રની રસધાર
(C) પૃથ્વી વલ્લભ (D) જયમંગલ

108. ગાંધીજીના પિતાનું નામ શું હતું ?
(A) મોહનદાસ (B) મણિલાલ
(C) કરમચંદ (D) ઉત્તમચંદ

109. ભારતમાં શણનું સૌથી વધારે વાવેતર કયા રાજ્યમાં થાય છે ?
(A) ગુજરાતમાં (B) પશ્ચિમ બંગાળામાં
(C) ઉત્તરપ્રદેશમાં (D) બિહાર

110. દેલવાડાના દેરા કયા પર્વત પર આવેલાં છે ?
(A) આબુ (B) અંબાજી
(C) પાવાગઢ (D) તોરણિયો

111. 21, જૂને સૂર્યના કિરણો કયા વૃત પર સીધાં પડે છે ?
(A) મકરવૃત (B) વિષુવૃત
(C) ઉત્તરધ્રુવ (D) કર્કવૃત

112. પૃથ્વીને મુખ્ય કેટલાં આવરણો આવેલાં છે ?
(A) ચાર (B) છ
(C) આઠ (D) ત્રણ

113. અરાવલી પર્વત કયા પ્રકારનો પર્વત છે ?
(A) ખંડ પર્વત (B) ધુમ્મટાકાર પર્વત
(C) અવશિષ્ટ પર્વત (D) ગેડ પર્વત

114. પૃથ્વી સપાટી પર કેટલા ટકા જળવિસ્તાર છે ?
(A) 70 ટકા (B) 72 ટકા
(C) 71 ટકા (D) 74 ટકા

115. હિમાલયમાં આવેલું કયું શિખર વિશ્વનું સૌથી ઉંચુ છે ?
(A) માઉન્ટ એવરેસ્ટ (B) કંચન જંગા
(C) નંદાદેવી (D) પેગુમોમા

116. વાસ્કો–દ–ગામા કયા દેશનો વતની હતો ?
(A) સ્પેનનો (B) ફ્રાન્સનો
(C) પોર્ટુગલનો (D) ઈટલીનો

117. કોની ખાલસાનીતિના કારણે ભારતમાં ઘણાં રાજયો ખાલસા થયાં હતાં ?
(A) ડેલહાઉસીની (B) વેલેસ્લીની
(C) હેસ્ટિંગ્સની (D) વિલિયમ બેન્ટિકની

118. સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ ગુજરાતમાં મોરબી પાસેના કયા ગામમાં થયો હતો ?
(A) પડધરી (B) માળિયા
(C) લોધિકા (D) ટંકારા

119. નીચેના પૈકી કયા નેતા જહાલવાદી હતા ?
(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) ગંગાધર ટિળક
(C) અરવિંદ ઘોષ (D) બિપિનચંદ્ર પાલ

120. 'હિન્દ છોડો'નો ઐતિહાસિક ઠરાવ 1942ની કઈ તારીખે પસાર કરવામાં આવ્યો હતો ?
(A) 8, ઓગસ્ટ (B) 15, ઓગસ્ટ
(C) 9, ઓગસ્ટ (D) 16, ઓગસ્ટ

121. અંગ્રેજોએ સૌ પ્રથમ કયા શહેરમાં કોઠી સ્થાપી હતી ?
(A) રાજકોટ (B) અમદાવાદ
(C) સુરત (D) ભરૂચ

122. ભારતમાં રેલ્વેની શરૂઆત સૌ પ્રથમ કયાં થઈ હતી ?
(A) મુંબઈ અને પૂણે વચ્ચે (B) મુંબઈ અને થાણા વચ્ચે
(C) મુંબઈ અને દિલ્હી વચ્ચે (D) મુંબઈ અને જયપુર વચ્ચે

123. રાજયના મુખ્ય પ્રધાનની નિમણૂંક કોણ કરે છે ?
(A) ધારાસભ્યો (B) રાજ્યપાલ
(C) રાષ્ટ્રપતિ (D) વડાપ્રધાન

124. શિક્ષક દિવસની ઉજવણી કયા દિવસે થાય છે ?
(A) 5, સપ્ટેમ્બર (B) 10, સપ્ટેમ્બર
(C) 4, સપ્ટેમ્બર (D) 8, સપ્ટેમ્બર

125. ભારતની સૌથી મોટી નદી કઈ છે ?
(A) નર્મદા (B) કાવેરી
(C) સાબરમતી (D) ગંગા

126. અમેરીકા નામ કયા ખલાસીના નામ પરથી પડયું છે ?
(A) અમેરિકન વસ્પુચી (B) અમેરિકો વેલીંગટન
(C) અમેરિગો વસ્પુચી (D) અમેરોન

127. આઝાદી પછી ભારતે કઈ વિદેશનીતિ અપનાવી હતી ?
(A) અસ્તિત્વની (B) બિનજોડાણની
(C) સહઅસ્તિત્વની (D) સર્વધર્મ સમભાવની

128. સંયુકત રાષ્ટ્રો(UN)ની સ્થાપના કયારે થઈ હતી ?
(A) 1945 (B) 1947
(C) 1950 (D) 1948



Contd….

129. 'સહાયકારી યોજના સંધ'નો જનક કોણ હતો ?
(A) હેસ્ટિંગ્સ (B) બેન્ટિક
(C) ડેલહાઉસી (D) વેલેસ્લી

130. 'હિન્દ છોડો' લડત કોના નેતૃત્વ નીચે શરૂ કરવામાં આવી હતી ?
(A) ગાંધીજી (B) લોકમાન્ય ટિળક
(C) ગોખલેજી (D) નહેરૂજી

131. જર્મનીમાં આઝાદહિંદ રેડિયો સ્ટેશનની સ્થાપના કોણે કરી હતી ?
(A) શાહનવાઝ ખાન (B) અબ્દુલ ગફારખાન
(C) સુભાષચંદ્ર બોઝ (D) ગોખલેજી

132. કોના નેતૃત્વ હેઠળ જૂનાગઢ કબજે કરવામાં આવ્યું હતું ?
(A) શામળદાસ ગાંધી (B) રસીકલાલ પરીખ
(C) રતુભાઈ અદાણી (D) જેઠાલાલ જોષી

133. આપણા બંધારણનો અમલ કયારથી થયો હતો ?
(A) 26, જાન્યુઆરી 1949 (B) 26, જાન્યુઆરી 1950
(C) 26, જાન્યુઆરી 1947 (D) 26, જાન્યુઆરી 1948

134. લોકશાહી શાસન પ્રથાની ઓળખ કઈ છે ?
(A) માનવવાદ (B) મૂળભૂત ફરજો
(C) માર્ગદર્શક સિદ્ધાંતો (D) મૂળભૂત હકો

135. નીચેનામાંથી કયું ગૃહ કાયમી છે ?
(A) રાજ્યસભા (B) લોકસભા
(C) વિધાનસભા (D) સંસદસભા

136. જગતમાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ કયો છે ?
(A) રશિયા (B) ચીન
(C) ભારત (D) અમેરિકા

137. કઈ પર્વતશ્રેણી 'બાહ્ય હિમાલય' કહેવાય છે ?
(A) હિમાદ્રી (B) હિમાચલ
(C) શિવાલિક (D) હિમપટ્ટ

138. ભારત કયા પવનોનો દેશ છે ?
(A) પશ્ચિમિયા (B) વ્યાપારી
(C) મોસમી (D) નૈઋત્યના

139. કયા સરોવરના પાણીનો ઉપયોગ મીઠું પકવવા માટે થાય છે ?
(A) ચિલ્કા (B) પુલીકટ
(C) વેમ્બનાડ (D) સાંભર

140. શાના લાકડામાંથી કાથો મળે છે ?
(A) સામન (B) ચીલ
(C) ખેર (D) દેવદાર

141. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી કયું છે ?
(A) સિંહ (B) વાઘ
(C) હાથી (D) ગેંડો

142. ગુજરાતના કયા જંગલોમાં રીંછ જોવા મળે છે ?
(A) બરડા (B) બરડીપાડા
(C) વાંસદા (D) ડેડિયાપાડા

143. ભારતમાં સૌથી વધુ વસ્તી ધરાવતું રાજ્ય કયું છે ?
(A) પશ્ચિમ બંગાળ (B) બિહાર
(C) કેરલ (D) ઉત્તરપ્રદેશ

144. ગુજરાતનું સૌથી મોટું શહેર કયું છે ?

(A) ગાંધીનગર (B) અમદાવાદ

(C) સુરત (D) વડોદરા

145. ભારતમાં સૌથી મોટો વ્યવસાય કયો છે ?

(A) વેપાર (B) ઉદ્યોગ

(C) ખેતી (D) વાહનવ્યવહાર

146. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન કયા પ્રાણી માટે વિખ્યાત છે ?

(A) સિંહ (B) કાળિયાર

(C) વાઘ (D) રીંછ

147. ભારતમાં કયું પક્ષી સૌથી વધુ વજનદાર છે ?

(A) ગરુડ (B) મોર

(C) ઘોરાડ (D) ગીધ

148. ગુજરાત રાજ્યના હાલના રાજ્યપાલ કોણ છે ?

(A) કમલા બેનીવાલ (B) નરેન્દ્રમોદી

(C) આનંદીબહેન (D) શારદા પ્રશાદ

149. ભારતમાં કેટલા વર્ષના અંતરે વસ્તી ગણતરી કરવામાં આવે છે ?

(A) 5 વર્ષ (B) 10 વર્ષ

(C) 7 વર્ષ (D) 4 વર્ષ

150. ‘માનવ હક દિન’ ની ઉજવણી કયા દિવસે થાય છે ?

(A) 10, ડિસેમ્બર (B) 10, સપ્ટેમ્બર

(C) 5, સપ્ટેમ્બર (D) 10, નવેમ્બર

# SPACE FOR ROUGH WORK

પરીક્ષા પૂર્ણ થયા બાદ પ્રશ્નપત્ર અને ઉત્તરપત્ર ખંડ નિરીક્ષકને પરત
કરવાના રહેશે. પ્રશ્નપત્ર જમા ન કરાવનાર પ્રવેશ માટે ગેરલાયક ઠરશે.